જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.03/0૭/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૭૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૩,૬૨,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૦૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૧/૨૦૨૨**

**કાગડાપીઠઃ** નિકુંજભાઇ કાનજીભાઇ સરવૈયા (ઉ.વ.૨૦)(ધંધો-ફોટોગ્રાફી)(રહે.શિવ પેલેસ, જલારામ સોસાયટી, અમરોલી સુરત)એ તા.૦૨/૦૭/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી પાર્થભાઈ હિરેનભાઈ શાહ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ નિકુંજભાઇને ડાકોર ખાતે આવેલ તેમના ઘરે બાબરીના પ્રસંગના ફોટોગ્રાફીનો ઓર્ડર આપવાનુ કહી, વિશ્વાસમાં લઇ ઓર્ડર માટે બોલાવતા તા.૧૧/૦૬/૨૨ ના રોજ સવારે નિકુંજભાઇ અમદાવાદ ગીતામંદિર બસ સ્ટેશન ખાતે આવેલ હતા ત્યારે સવારના ૭/૧૦ થી ૭/૨૦ વાગ્યા દરમ્યાન નિકુંજભાઇ ગીતામંદિર બસ સ્ટેન્ડ ખાતે આવેલ સુલભ શૌચાલયમાં કપડા બદલવા સારૂ ગયા હતા ત્યારે નિકુંજભાઇનો ફોટોગ્રાફીનો સામાન (કેમેરો, લેન્સ, મોનોપોડ CANON EOS R BODY નો કેમેરો કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા CANON LENS EF લેન્સ કિંમત રૂપિયા ૫,૦૦૦/- તથા CANON LENS 70/200 mm કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-) તમામ સામાન પાર્થભાઇ લઈ નાસી જઇ નિકુંજભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ખેર ચલાવે છે.

**બળજબરીથી કઢાવી લીધુઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૨/૨૦૨૨**

**અમરાઇવાડીઃ** નંદુબહેન વા/ઓ મણીલાલ પરમાર (ઉ.વ.૪૫)(રહે.શીતલનગર લાઇન નંબર-૬, ભાથીજી નો ડેલો, બળીયાનગર પાસે, અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૭/૨૦૨૨ બપોરના ૩/૧૫ થી ૩/30 વાગ્યા દરમ્યાન અમરાઇવાડી ન્યુ કોટન એપરલ પાર્ક મેટ્રો સ્ટેશન નીચે હનુમાનજી મંદિરની સામે રોડ ઉપર નંદુબહેન રિક્ષામાં જતા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક અજાણ્યો પુરૂષ (૪૦ વર્ષના આશરાનો) એ પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી, નંદુબહેને બે લાફા મારી બંને કાનમા પહેરેલ સોનાની સેર સાથેના બુટીયા કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- બળજબરીપુર્વક કઢાવી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૩/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** મેનાબહેન વા/ઓ ગફુરભાઇ રબારી (ઉ.વ.૬૨)(રહે.રબારીવાસ ગામ-ભાત તા.દસક્રોઇ જી.અમદાવાદ શહેર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૨ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એન.આઇ.ડી. પાછળ સ્કાયલાઇન પાસે સરદારબ્રિજ પાસે વોક-વે નજીક પોતાની જાતે સાબરમતી નદીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદિશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**નારોલઃ** આમીરહમજા સ/ઓ કમરૂદ્દીન અંસારી(ઉ.વ.૨૩)(રહે.આશિયાના પાર્ક સોસાયટી, બાગે-કૌશર પાસે વટવા કેનાલ રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૨ ના કલાક ૦૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી